# મહેસાણા દૂધ સાગર ડેરીનાં ચેરમેન પદે અશોક ચૌધરીની વરણી

## વાઈસ ચેરમેન પદે અમરત દેસાઈની વરણી

મહેસાણા,તા.૧૫

મહેસાણાની દૂધસાગર ડેરીની ચૂંટણી ૫ જાન્યુઆરીએ પૂર્ણ થઈ હતી. આ ચૂંટણી અત્યંત રસાકસી ભરેલી રહી હતી. જેમાં પરિવર્તન પેનલની જીત થઈ હતી. મહેસાણાની દૂધસાગર ડેરીમાં આજે પરિવર્તન પેનલના જીતેલા ઉમેદવાર અશોક ચૌધરીની ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે. બીજી તરફ વાઈસ ચેરમેન તરીકે ચાણસ્મા બેઠકથી ચૂંટાયેલા અમરત માધાભાઈ દેસાઈની વરણી કરવામાં આવી છે. દૂધ સાગર ડેરીમાં તાજપોષી કરાઈ હતી.



ઉલ્લેખનીય છે કે આ ચૂંટણીમાં વિપુલ ચૌધરી પેનલની હાર થઈ હતી. બીજી તરફ વિપુલ ચૌધરીના એકહથ્થુ શાસનનો અંત આવ્યા બાદ અશોક ચૌધરીની તાજપોષીને વધાવવા કેન્દ્રીય મંત્રી પી.પી ચૌધરી સહિત ટેકેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અમૂલના એમડી આર. એસ. સોઢી પણ ખાસ ઉપસ્થીત રહ્યા હતા. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના અગ્રણી દૂધ ઉત્પાદકો અને ભાજપના હોદેદારો હાજર રહ્યા હતા.



**સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટને મેયરના હસ્તે કોરોના વોરિયર પ્રશસ્તિ પત્ર અર્પણ**

ગાંધીનગરમાં દાયકાથી કાર્યરત સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા કોરોના કાળ દરમિયાન કરવામાં આવેલી અન્નક્ષેત્ર સહિતની અનેકવિધ સેવા પ્રવૃત્તિને મેયર રીટાબેન પટેલ દ્વારા બિરદાવવામાં આવી હતી. બુધવારે મહાપાલિકા કચેરીમાં સંસ્થાના ટ્રસ્ટીઓનું મેયરના હસ્તે કોરોના વોરિયર પ્રશસ્તિ પત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યુ હતું. આ તકે સંસ્થાના ટ્રસ્ટી હેમરાજભાઈ પાડલિયાના તંત્રી પદે પ્રસિદ્ધ થતાં માસિક મેગેઝીન આસ્થાના પ્રથમ અંકનુ વિમોચન પણ કરવામાં આવ્યુ હતું.

# સે-૪ માં આજે ટેન્કર ફરતા થયા : પાણીનો કકળાટ ડામવા માટે નવો બોર બનશે

## સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરા સહીત અગ્રણીઓએ તંત્ર સમક્ષ રજુઆત કરી

ગાંધીનગર તા ૧૫

શહેરના સે-૪ માં છેલ્લા એક સપ્તાહથી પાણીની સમસ્યા સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે. સેકટરમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની સાથે ડહોળુ આવતુ હોવાની ફરિયાદો પણ સ્થાનિકોના રોષનુ કારણ બની છે. સે-૪ માં પાણીના બોરમાં ખામી સર્જાતા સેકટરમાં પાણી ફોર્સથી આવતુ ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આજે પણ સેકટરમાં ટેન્કર ફરતા થયા હતા. જયારે પાણીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા નવો બોર બનાવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ હોવાથી ટુંકમાં પાણીની સમસ્યા હલ થઈ જશે તેમ પણ સ્થાનિક અગ્રણીઓએ જણાંવ્યુ છે.

સે-૪ માં છેલ્લા એક સપ્તાહથી પાણીની પોકાર ઉઠવા પામી છે. છેલ્લા ઘણાં સમયથી સેકટરમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની સાથે ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદ પણ ઉઠવા પામી છે. આવા સંજોગોમાં સ્થાનિકોમાં પણ રોષની લાગણી વ્યાપી છે. આજે પણ સે-૪ એ ના રહીશોએ ટેન્કર મંગાવી પાણીની જરૂરિયાત સંતોષવાનો વારો આવ્યો હતો. શહેરના નવા સેકટરોમાં પણ વારંવાર પાણી ફોર્સથી ન આવતુ હોવાની સમસ્યા ઉઠવા પામે છે. ત્યારે સે -૪ એમાં પાણીનો પ્રશ્ન છેલ્લા કેટલાક સમયથી પેચીદો બન્યો છે. સેકટરમાં પાણીના બોરમાં ખામી સર્જાઈ હોવાના લીધે પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. ત્યારે કેટલાક ઠેકાણે પાણી ડહોળુ આવતુ હોવાની સમસ્યા પણ સર્જાઈ છે. આજે વાસી ઉતરાયણના દિવસે પણ સેકટરવાસીઓને પાણી પુરતા ફોર્સથી મળ્યુ ન હતુ ત્યારે સેકટરના સ્થાનિક કોર્પોરેટ પ્રવિણાબેન વોરા સહીત સેકટરના અગ્રણીઓએ આ અંગે પાટનગર યોજના ભવન સમક્ષ પણ રજુઆત કરવામાં આવી હતી જેના અંતે સેકટરમાં પાણીનો નવો બોર બનાવવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ટુંકમાં નવો બોર પણ કાર્યરત કરી દેવાશે. જેના અંતે પાણીની સમસ્યાનો પણ અંત આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. સેકટરમાં પાણીની સમસ્યા નિવારવા માટે તંત્ર કક્ષાએ આયોજન કરી દેવાયુ છે. ત્યારે હાલની સ્થિતિએ સેકટરવાસીઓએ પણ પાણીનો વિવેકબુધ્ધિ પુર્વક ઉપયોગ કરવા માટે પણ સેકટરવાસીઓને અપીલ કરી છે.

## શ્રીગણેશ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોવિશિલ્ડ અને કોવાક્સિન રસીના ૧.૬૫ કરોડ ડોઝ ફાળવવામાં આવ્યા છે. રસીકરણને લગતા પ્રશ્નોનાં નિકાલ માટે ૨૪ કલાક કાર્યરત હેલ્પલાઈન ૧૦૭૫ શરૂ કરી દેવાઈ છે. આ ઉપરાંત, રસીકરણ માટે કૉ-વિન નામનું સૉફ્ટવેર પર તૈયાર કરાયું છે.

## જિલ્લામાં પ્રથમ દિવસે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અસરકારક રીતે કોલ્ડ ચેઈન પોઈંટના આઈએલઆરમાં જાળવવામાં આવશે. આ રસીકરણના કુલ બે ડોઝ આપવામાં આવનાર છે. જે ૨૮ દિવસના અંતરે લેવામાં આવનાર છે. બીજો ડોઝ લીધાના ૧૪ દિવસ બાદ રોગ સામે રક્ષણ મળે છે. આ કોવિડ-૧૯ ની રસી ૧૮ વર્ષથી નીચેની વ્યક્તિઓ, સગર્ભા બહેનો, ધાત્રી માતા અને એલર્જીક રીએકશન ધરાવતા વ્યક્તિઓને આપવામાં આવનાર નથી. આ રસી કોરોનાથી સાજી થયેલી વ્યકતિ પણ લઈ શકશે. પરંતુ, પ્રથમ ડોઝ જે કંપનીની રસીનો લીધેલ હશે તે જ કંપનીની રસી ફરીથી બીજા ડોઝ તરીકે આપવામાં આવશે. આ રસીકરણ માટે નોંધણી ફરજીયાત છે અને રસીકરણના સ્થળે આઇ.ડી પ્રુફની ચકાસણી પણ થનાર છે. ભારત સરકારના કોવિન સોફ્ટવેર દ્વારા રસી લીધા બાદ જે તે લાભાર્થીને મેસેજથી જાણ થનાર છે. અને તેઓને ઓનલાઈન સર્ટીફીકેટ મળે તે બાબતની સુવિધા પણ કરવામાં આવી છે.

## વેરા વસુલાત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નબળી વેરા વસુલાત કરનારાઓને હવે માત્ર નોટીસ નહિ પણ આ રીતે સખ્ત કાર્યવાહી કરવામાં આવે તેમ જણાવતાં બેઠકમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

૧૫મા નાણાં પંચના કામો ઝડપથી હાથ ધરવા માટે પણ તેમણે સૂચનાઓ આપી હતી. મંજૂરીની પ્રક્રિયામાં વિલંબ ના થાય તે જોવા જણાવ્યુ હતુ. તેમણે જિલ્લામાં ઝડપથી વિકાસના કામો આગળ વધે તે જરૂરી છે પણ તે નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનો આગ્રહ પણ કર્યો હતો.

સુશ્રી દુહાને ગ્રામ્યસ્તરે ડીજીટલ સેવાસેતુને વધુ અસરકારક બનાવવા પર ભાર મુક્યો હતો. આ ઉપરાંત તુમાર નિકાલ, આર.ટી.આઈ. અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ થાય તે જોવા ઉપરાંત પદાધિકારીઓના પત્રોના પ્રત્યુત્તર સમયસર મળી જાય તે જોવા પણ આગ્રહ કર્યો હતો.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
(ગુજરાત સરકારનું સાહસ)
**જાહેર નિવિદા નં.૮ સને ૨૦૨૦-૨૧**

અધિક્ષક ઈજનેર, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, ત્રીજો માળ, જલભવન, ટાઉન હોલ પાછળ, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથીસાબરકાંઠા જિલ્લામાં સંભવિત ડી.ટી.એચ. બોર શારી હેન્ડપંપ ઈન્સ્ટોલેશનની કામગીરી માટે ટેન્ડર આઈ. ડી. નં. ૪૪૭૫૦ થી પાણી પુરવઠા બોર્ડના ડી.ટી.એચ. ડ્રીલીંગ કોન્ટ્રાકટર તરીકે નોંધાયેલ ઠેકેદારો અથવા સીવીલ કોન્ટ્રાકટર તરીકે (ન્યૂનત્તમ 'બી' કલાસ કે તેથી ઉપર) ટેન્ડર દસ્તાવેજમાં જણાવેલ શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. કામની અંદાજીત રકમ રૂપિયા ૨૮૮.૭૫ લાખ, ટેન્ડર ફી રૂપિયા ૩૬૦૦.૦૦ બાનાની રકમ રૂપિયા ૨,૮૯,૦૦૦.૦૦ ટેન્ડર ઓનલાઈન સબમિશન કરવાની છેલ્લી તા. ૩/૨/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ તથા ભવિષ્યના સુધારા / વધારા www.gwssb.nprocure.com તથા www.statetenders.com ઉપર ઉપલબ્ધ કરવામાં આવશે.બોર્ડ કચેરીને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. ગ્રામ્ય કક્ષાની પીવાના પાણીની ફરિયાદો માટે ટોલ ફ્રી નં. ૧૯૧૬ છે.

નામાનિ/હિંમત/૪૬૬/૨૦૨૧

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં.૧૮ સને ૨૦૨૦-૨૧**
**આઈ.ડી. નં. ૪૪૪૮૨૮**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી એક્શન પ્લાન અંતર્ગત 'જલ જીવન કાર્યક્રમ' (WSS-6-General-J.M. Coverage-regional) હેઠળ કલોલ તાલુકાના એમ-૧ ભાગ-૨ પાણી પુરવઠા યોજનાના બાકી રહેતા પરા વિસ્તારના કામોના કામની અંદાજીત કિંમત રૂ. ૧૮,૧૫,૦૪૯.૦૦ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદાર બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગત માટે વેબસાઈટ http://gwssb.nprocure.com તથા www.gwssb.org તથા http://www.statetenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૨૫/૧/૨૦૨૧ અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ દર કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ.એસ.એસ. બોર્ડનો રહેશે.

**'ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગટર વ્ય. બોર્ડના હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬ પર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.'**

માહિતી/૧૭૫૧/૨૦-૨૧






## વાવણી માટે ધિરાણ

ખેડૂતોને ૦%ના વ્યાજે મળી રહ્યુ છે કૃષિ ધિરાણ

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના

- આ યોજના હેઠળ ખેડૂતોને દર વર્ષે મળી રહી છે રૂ. ૬૦૦૦ની સહાય
- અત્યાર સુધી ૫૭.૩૫ લાખ ખેડૂતોને રૂ. ૬૧૬૫.૬૩ કરોડની સહાય ચૂકવાઈ




### કૃષિ ઉપકરણો પર સહાય

ખેતીમાં આધુનિકરણ લાવવા માટે કૃષિને લગતા સાધનો ઉપર ખેડૂતોને મળી રહી છે સહાય

## વાવણી પછી સિંચાઈની વ્યવસ્થા



- દરેક ખેતર સુધી પહોચાડાઈ રહ્યાં છે વીજળી અને પાણી
- સુજલામ્ સુફલામ્ યોજનાથી ઉત્તર ગુજરાત, કચ્છ અને સુરેન્દ્રનગરના ખેડૂતોને મળી રહ્યો છે સિંચાઈનો લાભ
- સૌની યોજનાથી સૌરાષ્ટ્રને મળી રહ્યો છે સિંચાઈનો લાભ
- આદિવાસી વિસ્તારોમાં લિફ્ટ ઈરીગેશન યોજનાથી સિંચાઈ માટે પહોંચી રહ્યું છે પાણી
- વર્ષ ૨૦૦૧-૦૨માં ગુજરાતમાં કુલ ૩૫.૭૩ લાખ હેક્ટર ભૂમિ ઉપર સિંચાઈની સુવિધા ઉપલબ્ધ હતી, જે વધીને ૨૦૨૦માં ૭૪.૬૦ લાખથી વધુ હેક્ટર સુધી પહોંચી

## કિસાન સૂર્યોદય યોજના

ખેડૂતોના રાતના ઉજાગરા થયા બંધ, ખેડૂતોને સિંચાઈ માટે દિવસે જ મળી રહી છે વીજળી

## તૈયાર થયેલા પાક ઉપર કુદરતી આફત આવે ત્યારે



**ખેડૂતને થયું નુકશાન ત્યારે સરકારે ચૂકવ્યું યોગ્ય વળતર**

| વર્ષ ૨૦૧૭માં | વર્ષ ૨૦૧૮માં | વર્ષ ૨૦૧૯માં | ચાલુ નાણાકીય વર્ષે |
| --- | --- | --- | --- |
| ૧૫ જિલ્લાઓમાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત ૭.૬૯ લાખ ખેડૂતોને વળતર પેંટે રૂ.૧,૭૦૬ કરોડની સહાય ચૂકવાઈ | અતિવૃષ્ટિ/ઓછા વરસાદના કિસ્સામાં ૧૭.૫૯ લાખથી વધુ ખેડૂતોને રૂ.૧,૬૭૮ કરોડની સહાય ચૂકવાઈ | કમોસમી વરસાદથી થયેલા નુકશાન સામે ૩૨.૦૪ લાખ ખેડૂતોને રૂ.૨,૪૭૮.૪૯ કરોડની સહાય ચૂકવાઈ | અતિવૃષ્ટિ સામે વળતર પેંટે અત્યાર સુધીમાં રૂ. ૨૮૭૩.૪૩ કરોડની ચૂકવણી |

## મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

કોઈ પણ પ્રિમિયમ ભર્યા વગર જો કુદરતી આપત્તિના કારણે ખેડૂતોના પાકને નુકશાન થાય ત્યારે ખેડૂતોને સહાય આપતી અને રાજ્યના બધા ખેડૂતોને આવરી લેતી યોજના

## પાકના વેચાણ માટેની વ્યવસ્થા

**ટેકાના ભાવે ખેડૂતોના પાકની થઈ રહી છે ખરીદી**

- પાછલા ૪ વર્ષમાં ટેકાના ભાવે રૂ. ૧૬૦૦૦ કરોડથી વધુ ખેત પેદાશોની થઈ ખરીદી
- રાજ્યમાં એપીએમસીને વધુ મજબૂત કરાઈ

## સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના

**ખેડૂતોની આવક બમણી કરવા માટેની દિશામાં મોટા પગલાં**

આ યોજના હેઠળ રૂ. ૭૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી

N

**૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનશ્રીના સપનાને સાકાર કરવા માટે ગુજરાત સરકાર કાર્યરત છે. - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**